એકા. જાવક નંબર: ૭૮૨
તારીખ: ૩૧/૭/૨૩

# ESIC પરિપત્ર

## ખાસ અગત્યનું

એકાઉન્ટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા
તા.૨૬/૦૭/૨૦૨૩

પ્રતિ
શાખાધિકારીશ્રીઓ (તમામ),
મહાનગરપાલિકા, ભાવનગર

**વિષય:** આપના વિભાગ મારફત રાખવામાં આવતાં તમામ કામોનાં કોન્ટ્રાકટરોનાં તા.૩૧/૦૮/૨૦૨૩ પહેલા ESIC રજીસ્ટ્રેશન કરાવડાવવા બાબત

**સંદર્ભ:** (૧) કામદાર રાજ્ય વીમા નિગમ (શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર) તરફથી એકા.ઇન.નં.૧૪૫૨, તા.૨૧/૦૬/૨૦૨૩
(૨) તા.૦૨/૦૩/૨૦૨૩નું ગુજરાત સરકારશ્રીનું ગેજેટ
(૩) એકા.જા.નં.૫૮૩, તા.૩૦/૦૬/૨૦૨૩
(૪) એડ્વોકેટશ્રી નો તા.૦૭/૦૭/૨૦૨૩નો અભિપ્રાય (લીગલ આવક નં.૫૦૪, તા.૧૧/૦૭/૨૦૨૩)
(૫) એકા.મંજુરી નં.૫૧, તા.૨૬/૦૭/૨૦૨૩

ભાવનગર મહાનગર પાલિકા ખાતે સંદર્ભ-૧ તથા ૨ મુજબ તા ૦૧/૦૪/૨૦૨૩થી ESIC લાગુ કરેલ છે જેનો જાણ સંદર્ભ-૧ થી અત્રેની કચેરીને થયેલ છે. આથી સંદર્ભ-૩ થી ૫ મુજબની કાર્યવાહિ બાદ હાલ ભાવનગર મ.ન.પા.નું રજીસ્ટ્રેશન ESIC અંતર્ગત કરવા તથા કાયદાપાલન માટે કન્સલ્ટન્ટ/એડ્વોકેટ નિયુક્ત કરવાની પ્રકિયા ગતિમાં છે. દરમ્યાન ભાવનગર મહાનગરપાલિકાના તમામ વિભાગોએ (૧) હવે પછી કરવાના કોઇપણ કામ માટે નિયુક્ત કરવામાં આવતા કોન્ટ્રાક્ટરો માટે કરવાની કાર્યવાહિ તથા (૨) હાલમાં કાર્યરત કોન્ટ્રાક્ટરો પાસે કરાવવાની કાર્યવાહિ નીચે મુજબ છે.

(૧) ભાવનગર મહાનગર પાલિકા ખાતે આપના વિભાગના કે ઇપણ જાતના ટેન્ડરો કોન્ટ્રાક્ટરોના કોન્ટ્રૅક્ટ વિગેરે બહારની સંસ્થા વ્યકિત/એજન્સી કે આપના દ્વારા સોંપેલ કોઇપણ કામો માટે ની તેઓની પાત્રતા/લાયકાતમાં ઇ.પી.એફ. કોડ ની જેમ જ **ESIC કોડ ફરજીયાત હોવા અંગેનો નિયમ રાખી તેની અમલવારી કરાવવી જરૂરી છે** અન્યથા જો કોન્ટ્રાક્ટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સીને ESIC કોડ લાગુ પડતો ન હોય તો તે કોન્ટ્રાક્ટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સી ના ભાવનગર મ.ન.પા.ની જે-તે કામગીરી કરતા કર્મચારીઓને આપોઆપ ESIC લાગુ પડી જાય છે જેની ચુકવણાની જવાબદારી ભાવનગર મ.ન.પા.ની થાય. આથી, *આજ દિન થી* આપના વિભાગના કોઇપણ જાતના કામ માટે ટેન્ડરો, વગેરે બહાર પડે ત્યારે ફરજીયાતપણે તેઓની પાત્રતા/લાયકાતમાં ઇ.પી.એફ.કોડ ની જેમ ESIC કોડ/રજીસ્ટ્રેશન એક કાયમી શરતરૂપ રાખશો.

ઇન્ચા. મદદનીશ કમિશનર (સહી)

ડૃ.ઇન્વર્ડ નં. ૨૯૧૦
તા.૩૧/૭/૨૩

(૨) ઉપરાંત, *હાલમાં કાર્યરત* તમામ કોન્ટ્રાક્ટર/બહારનીસંસ્થા/વ્યક્તિ/એજન્સી ને તા.૩૧/૦૮/૨૦૨૩ પહેલા ESIC અંતર્ગત રજીસ્ટ્રેશન ના બીલો બનાવવામાં આવે ત્યારે જ બીલો પાસ થાય તે પહેલા પી.એફ તથા ESIC ના કાયદાનુ પાલન કર્યા અંગેની હકીકત/આધાર પુરાવા બીલ સાથે જ હોવા જોઇએ. આ અંગેની પુર્ણ ચકાસણી ખાતા અધિકારીશ્રી મારફત થવી જરુરી છે. ત્યારબાદ આ બાબતનું જો ધ્યાન રાખવામાં ન આવેલ હોય તો ઓડિટ વિભાગે બીલો પાસ ન કરવા. ઇ.પી.એફ. તથા ESIC ના કાયદાનું પાલન થયાની ખાત્રી કરવાની "પ્રિન્સીપલ એમ્પ્લોયર" તરીકે ભાવનગર મહાનગરપાલિકાની જવાબદારી થતી હોવાથી તમામ શાખાધિકારીશ્રીએ આ બાબતનું ખાસ ધ્યાન રાખી ઘટીત કાર્યવાહી કરવી જરુરી બને છે અન્યથા આ બાબતની જવાબદારી સંપુર્ણ રીતે જે તે શાખાધિકારીશ્રીની રહેશે જે આથી આપને જણાવવામાં આવે છે.

સંદર્ભ-૧ થી ESIC કચેરી એ મંગાવેલ આપની અંતર્ગત હાલમાં કાર્યરત તમામ કોન્ટ્રાક્ટરોની વિગતો સહિં-સીક્કા સાથે નીચેના ફોર્મેટમાં એકાઉન્ટ વિભાગ ખાતે **તા.૦૨/૦૮/૨૦૨૩ સુધીમાં** મોકલી સર્વરમાં આપના વિભાગના નામ વાળી એક્સેલ ફાઇલ "BMC Common" ફોલ્ડર માં "1 ESIC" ફોલ્ડરમાં રાખશો. એક્સેલ ફોર્મેટ "BMC Common" ફોલ્ડર માં રાખેલ છે.

**Contractors engaged as on 02.03.2023 & onwards**

| કોન્ટ્રાક્ટર્સની વિગતો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | કોન્ટ્રાક્ટરનું નામ | આખુ સરનામુ | સંપર્ક નંબર | ESI કોડ (૧૭ ડિજીટનું) | કુલ કામદારો | જેમનો રૂ.૨૧,૦૦૦ થી ઓછો પગાર હોર તેવા કામદારો | ESI અંતર્ગત આવરી લીધેલ કામદારો |
| | | | | | | | |

નાયબ કમિશ્નરશ્રી (એડમીન)
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

**નકલ સવિનય રવાના:**
માન.કમિશ્નરશ્રી